સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો
તથા આર્થિક રીતે પછાતવર્ગો માટે
દુધાળા ઢોર ખરીદવા અંગે સહાયની
યોજના.

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વકર/૧૩૭૮/૬૭૨૨૨-છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૬મી જાન્યુઆરી, ૧૯૭૯.

વંચાણમાં લીધા:-

/૧/ મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૧/૪/૭૮નો ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮/૧૩૭૩૪-છ.

/૨/ સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા. ૪/૯/૭૮નો પત્ર-ક્રમાંક: સક-બક-૩૦૩.

/૩/ સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડનો તા. ૧૦/૧૦/૭૮નો પત્રક્રમાંક: પવબ/યજના/૮/૭૮/૨૧૯.

ઠ રા વ:-

બક્ષીપંચે સુચવેલ ૮૨ જાતિઓ /વર્ગો/જુથોને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તરીકે ગણવાનું સરકારે નક્કી કર્યું છે. બક્ષીપંચની ભલામણો પૈકીની, અનામત જગાઓ સિવાયની, બાકીની બધી ભલામણોનો લાભ કેટલાક આર્થિક રીતે પછાતવર્ગોને આપવાનું પણ સરકારે નક્કી કર્યું છે.

૨. બક્ષીપંચે તેની ભલામણોના ફકરા ક્રમાંક: ૫.૨૬ માં આ વર્ગોને સમાજના નબળા વિભાગ તરીકે ગણીને એમને વ્યવસાય, વિકાસ, પુનઃસ્થાપન, ગૃહનિર્માણ વિગેરે માટે નાણાંકીય સહાય આપવી જોઇએ તેમ જણાવ્યું છે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોની આર્થિક નબળી સ્થિતિને કારણે તેઓને પશુપાલનના ધંધામાં મદદરૂપ થાય તે હેતુથી દુધાળા ઢોર ખરીદવા "માફીસહાય" આપવા માટેની કુલ રૂ. ૩૬,૦૦,૦૦૦/- :રૂપિયા છત્રીસ લાખ પુરા.:ની યોજના આથી મંજુર કરવામાં આવે છે. યોજનાની વિગતો અને શરતો નીચે પ્રમાણે છે.

/૧/ જે કુટુંબની બધા સાધનોમાંથી થતી વાર્ષિક આવક રૂ. ૩,૦૦૦/- થી વધુ થતી નહીં હોય તેવા કુટુંબ આ

...૨..

યોજનાનો લાભ લેવાને પાત્ર થશે.

૧૨। ભરવાડ-રબારી વિકાસ યોજના હેઠળ જેમને લાભ મળવાપાત્ર થતો હોય તે સિવાયના લોકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૧૩। આ યોજના નીચે લાભ લેનાર વ્યક્તિ આવા હેતુઓ માટે અન્ય કોઇ બીજી યોજના નીચે આવો લાભ મેળવી શકશે નહીં.

૧૪। વધુમાં વધુ બે ઢોર ખરીદવા માટે સહાય આપવામાં આવશે.

૧૫। આ સહાયની રકમ રૂ. ૫૦૦।- :રૂપિયા પાંચસો ફક્ત: અથવા ઢોર ખરીદવાના ખર્ચના ૨૫ ટકા બેમાંથી જે રકમ ઓછી થાય તેટલી રકમ માફી સહાય આપવામાં આવશે.

૧૬। બેન્ક, દુધની સહકારી મંડળી અગર અન્ય સહકારી મંડળીઓ મારફત આ સહાય આપવામાં આવશે.

૧૭। જે ઢોરનો વિમો ઉતરાવેલ હોય તે ઢોર માટેજ સહાય આપવામાં આવશે.

૧૮। અરજદારને ઢોર ઉછેરવાની તાલીમ આપવામાં આવશે.

૧૯। આ યોજના હેઠળ, વિધવા, અપંગ વ્યક્તિ અને નિરાધાર વ્યક્તિઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

૧૧૦। ડી. પી. એ પી., એસ. એફ. ડી. એ અને એમ. એફ. એ એલ. યોજનાનો અમલ થતો હોય તેવા વિસ્તારો સિવાયના રાજ્યના બધા વિસ્તારોમાં આ યોજનાનો અમલ કરવામાં આવશે.

૧૧૧। એસ. એફ. ડી. એ ।ડી. પી. એ પી. । એમ એફ. એ એલ. વિગેરે યોજનાઓમાંથી રકમ મળી શકે તેમ ન હોય ત્યારે અને જે તે પ્રોજેક્ટ ઓફીસરનું આ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા પછી આ જોગવાઇમાંથી ચુકવણું કરવું.

૧૧૨। આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીઓ :રાજ્ય: મારફત કરવામાં આવશે.

...3..,

।૧૩। <u>અંદાજ:</u>- ૧૯૭૮-૭૯ના નાણાંકીય વર્ષ દરમ્યાન સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની ૩૬૦૦ વ્યક્તિઓને માટે રૂ. ૧૮,૦૦,૦૦૦/- :રૂપિયા અઢાર લાખ: અને આર્થિક રીતે પછાતવર્ગની ૩૬૦૦ વ્યક્તિઓએ માટે રૂ. ૧૮,૦૦,૦૦૦/- :રૂપિયા અઢાર લાખ: એમ કુલ રૂ. ૩૬,૦૦,૦૦૦/- :રૂપિયા છત્રીસ લાખ: અંદાજી ખર્ચ થવા સંભવ છે.

૩. આ યોજનાનો અમલ કરવા અને તેને વહોળી પ્રસિધ્ધી આપવા માટે જરૂરી તમામ પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે તાત્કાલિક લેવાં.

૪. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેનો આ અંગેનો ખર્ચ રૂ. ૧૮,૦૦,૦૦૦/- :રૂપિયા અઢાર લાખ: અંદાજપત્રના સદર "૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ- બીજા સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ ।ક।-બીજા કાર્યક્રમો- એસ. સી. ડબલ્યુ. -સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના આર્થિક ઉત્કર્ષ માટે યોજના" ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઇઓમાંથી મેળવવો. આર્થિક રીતે પછાતવર્ગો માટે રૂ. ૧૮,૦૦,૦૦૦/- :રૂપિયા અઢાર લાખ: નો ખર્ચ નાણાં વિભાગે તેની તારીખ:- ૧૫।૧૨।૭૮ની યાદી ક્રમાંક: સી. એન. એફ. ૧૧૭-૮-૧૮૭-કે, અન્વયે આકસ્મિક નિધિમાંથી મંજુર કરેલ રૂ. ૧,૦૦,૦૦૦/- ની પેશગીમાંથી મેળવવાનો રહેશે અને ચાલુ નાણાંકીય વર્ષની સમગ્ર જોગવાઇમાંથી પુર્નવિનિયોગ ધ્વારા મેળવવાનો રહેશે તથા તેને અંદાજપત્રના સદર "૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-બીજા પછાતવર્ગોનું કલ્યાણ-।પ।આર્થિક રીતે પછાતવર્ગોના આર્થિક ઉત્કર્ષની યોજના" ખાતે ઉધારવો.

૫. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા:૬।૧૧।૭૮ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અનેતેમના નામે,

આર. ડી. ઠાકર.
ઉપસચિવ,
મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

...૪..,

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશો.
નાણાં વિભાગ, ક શાખા,
સચિવાલયના વધા વિભાગો,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ /રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
* વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ ટમીલ અધિકારીઓની
કોલોની આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
:વધારાની ૧૫ નકલો સાથે:
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૧૬,
પાટનગર યોજના ભવન, ગાંધીનગર. :વધારાની પાંચ
નકલો સાથે:
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ, :રાજ્ય: અને :પંચાયત:
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ,
પ્રાયોજના વહીવટદાર:આદીવાસી વિસ્તાર પેટા યોજના:
ના તાબા હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
નાણાં શાખા, મ.સ.ક. અને આ.વિ.વિભાગ.
વ શાખા, મ.સ.ક. અને આ.વિ.વિભાગ.
મ.સ.ક. અને આ.વિ.વિભાગની અન્ય શાખાઓ.
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, આ અંગે અખબારી યાદી
વહાર પાડવા અને વહોળી પ્રસિધ્ધી કરવા અર્થે.
વિશિષ્ટ ફાઇલ- હ શાખા.

---

* પત્ર ધ્વારા.

૧૮૧૮૨૧૫. ૯. ૭૯।